**સંશોધન વૈજ્ઞાનિક (ખેતી ઇજનેરી)ની કચેરી**
**જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી**

# <u>પ્રેસ નોટ</u>

## ટપક  સિંચાઈ પધ્ધતિનો ઉપયોગ અને તેની જાળવણી વિષય પર એક તાલીમ

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી હસ્તકના સેન્ટર ઓફ એકસલન્સ ઓન સોઇલ એન્ડ વોટર મેનેજમેન્ટ યોજના તેમજ નેટાફીમ ઈરીગેશન ઇન્ડિયા પ્રા.લી.ના સંયુક્ત ઉપક્રમે આગામી ૭ થી ૯મી  સપ્ટેમ્બર દરમ્યાન  ટપક  સિંચાઈ પધ્ધતિનો ઉપયોગ અને તેની જાળવણી વિષય પર એક તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે.

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. એ. આર. પાઠકસાહેબની પ્રેરણાથી યુનિવર્સિટીના જુદા જુદા ફાર્મ પર ડ્રીપની કામગીરી સાથે સંકળાયેલ કર્મચારીઓને પિયત પાણીનો કાર્યક્ષમ રીતે ઉપયોગ થાય અને ગુણવત્તાયુક્ત વધુ પાક ઉત્પાદન મળે તે હેતુથી **ટપક સિંચાઈ પધ્ધતિનો ઉપયોગ અને તેની જાળવણી** વિષય પરનો  તાલીમવર્ગ યોજવામાં આવેલ છે તેવું ડૉ. એન. કે. ધમસાણીયા, સંશોધન વૈજ્ઞાનિક (ખેતી ઈજનેરી)ની યાદી જણાવે છે. પ્રથમ તબ્બકાની આ તાલીમમાં યુનિવર્સિટીના ૨૨ જેટલા કર્મચારીઓને ટપક સિંચાઈ પદ્ધતિનો ઉપયોગ, જુદા જુદા પાકોમાં પાણીની જરૂરિયાત, ડીઝાઇન તેમજ ફીટીંગ વખતે ધ્યાનમાં રાખવાની બાબતો, ફર્ટીગેશનનું મહત્વ અને તેને આપવાની રીત તેમજ સમયાંતરે કરવાની થતી જાળવણી વિગેરે વિષયો પર તાલીમ દરમ્યાન પ્રાયોગિક લક્ષી વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવનાર છે.

આમ આ તાલીમ દરમ્યાન આધુનિક સિંચાઈ પધ્ધતિ અપનાવ્યા બાદ તેને અસરકારક રીતે વાપરવા  માટે જરૂરી વૈજ્ઞાનિક પદ્ધતિઓ શિખવવામાં આવનાર છે જે તેના કાર્યક્ષમ ઉપયોગ માટે ખુબજ ફાયદારૂપ સાબિત થશે તેવી અમોને આશા છે.

જુનાગઢ
તા. ૦૩/૦૯/૨૦૧૬

(એન.કે. ધમસાણીયા)
સંશોધન વૈજ્ઞાનિક (ખેતી ઈજનેરી)
જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી
જૂનાગઢ